# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની ૧૫મી બેઠક યોજાઈ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારાની ફેબ્રુઆરી–૨૦૧૭ થી ફેબ્રુઆરી–૨૦૧૮ સુધીની પ્રગતિના મુલ્યાંકન અને એપ્રિલ –૨૦૧૮ થી માર્ચ–૨૦૧૯ના એકશન પ્લાનની ચર્ચા માટે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની ૧૫મી બેઠક તાલીમ ખંડ,કે.વિ.કે.,વ્યારા ખાતે ૧૨ માર્ચ,૨૦૧૮ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના માન.કુલપતિશ્રી ડૉ.સી.જે.ડાંગરીયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી.આ બેઠકમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જી.આર.પટેલ,ISSRI-ICAR - ભરૂચના ડૉ.અનિલભાઈ, કૃષિ બાગાયત,ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લીમીટેડ,ફીશરીઝ ખાતાના અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક /સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ,પ્રગતિશીલ ખેડૂતો અને મહિલાઓ ઉત્સાહભેર હાજર રહયાં હતાં.

નવસારી કૃષિ યૂનિવર્સિટીના માન.કુલપતિશ્રી સી.જે.ડાંગરીયાએ "બેસ્ટ ઝોનલ એવોર્ડ–ઝોન–૮" મળવા બદલ કે.વિ.કે.ના સર્વે સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતાં. સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે હજુ વધુ જોડાણ કરી મહિલાઓને પ્રોત્સાહન આપવું. ખેડૂતો પાસે રહેલી દેશી જાતોનું PPV & FRA કાયદા હેઠળ રજીસ્ટ્રેશન થાય તેવી પ્રયાસો હાથ ધરવા. તેમણે આવક બમણી કરવા માટે ખેતી ઉપરાંત ખેતી આધારિત અન્ય ઉદ્યોગો વિકસાવવા અને મશરૂમમાં મૂલ્યવર્ધન કરવા માટે હાંકલ કરી હતી.

ન.કૃ.યુ.,ના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ.જી.આર.પટેલ એ કે.વિ.કે.ની ટીમને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે ખેડૂતોને ખેતી પાક–પધ્ધતિઓ,નવિન ટેકનોલોજી વિગેરેની ફિલ્મ બનાવવી જોઈએ.સાથે–સાથે અગ્રિમ હરોળ નિદર્શનનોમાં મળેલ સફળતાની વાત દરેક કાર્યક્રમમાં કરવી જોઈએ જેથી ખેડૂતો તાંત્રિકતાઓ અપનાવતાં થાય.

સદર બેઠકમાં કે.વિ.કે.વ્યારાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ.પી.ડી.વર્માએ વર્ષઃ ૨૦૧૭–૧૮ની વિવિધ પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો.સાથે આગામી વર્ષ : ૨૦૧૭–૧૮ દરમ્યાન થનાર પ્રવૃત્તિઓના આયોજનની રૂપરેખા આપી હતી. ઉપરાંત,તેમણે કે.વિ.કે.ની વિવિધ પ્રવૃત્તિઓના સફળ પરિણામો,સફળ વાર્તાઓ,કેસ સ્ટડીઝ,ઈમ્પેકટ સ્ટડીઝ વિગેરેનું સુંદર આંકડાકીય પ્રેઝન્ટેશન કર્યુ હતી.ઉપસ્થિત સૌએ કે.વિ.કે.ની કામગીરીની પ્રસંશા કરી હતી. આ પ્રસંગે બેડી ગામના પ્રગતિશીલ મહિલા અને ન.કૃ.યુ.,નવસારીની વિસ્તરણ કાઉન્સલના સભ્ય શ્રીમતિ લીલાબેન ગામીત, આંબેડકર વનવાસી ટ્રસ્ટ–સુરતના શ્રી તુલસીભાઈ માવાણી,બરડીપાડાના સીસ્ટર જોના,બેડી ગામના ખેડૂત મહિલા શ્રીમતી શાંતાબેન ગામીત,માંડળના ફાધર કિશોર,ટાપરવાડાના શ્રીમતી રમિલાબેન વિગેરેએ પોતાના મંતવ્યો રજૂ કર્યો હતો.

આભાર વિધી અને કાર્યક્રમનું સંચાલન ડૉ.સી.ડી.પંડયા,વૈજ્ઞાનિક(વિસ્તરણ શિક્ષણ)એ કર્યુ હતું. વધુમાં,ટાપરવાડાના ગામના મહિલા ખેડૂત શ્રીમતી રમીલાબેન કે જેઓ સ્વચ્છ શકિત રાષ્ટ્રીય એવોર્ડ–૨૦૧૭ના વિજેતા હતાં તેમને આ પ્રસંગે માન.કુલપતિશ્રી ડૉ. સી.જે.ડાંગરીયા દ્વારા મોમેન્ટો આપીને સન્માનવામાં આવ્યાં હતાં.હાજર રહેલાં સૌ સભ્યોએ આ કે.વિ.કે. દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી સંતોષ વ્યકત કર્યો હતો. આમ, ખૂબ જ સરસ રીતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક સંપન્ન થઈ હતી.


KRISHI VIGYAN KENDRA
SCIENTIFIC ADVISORY
COMMITTEE MEETING


KRISHI VIGYAN KENDRA
Navsari Agricultural University,
Vyara, Dist. Tapi.
FIFTEENTH SCIENTIFIC ADVISORY
COMMITTEE MEETING
Date:-


KRISHI VIGYAN KENDRA
SCIENTIFIC ADVISORY
COMMITTEE MEETING

